**ગુજરાત રાજય માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ,**
**કમિશનરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર ,સેક્ટર –૧૯, ગાંધીનગર.**

**(રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી અંગેની જાહેરાત અન્વયે સૂચનાઓ.**
**(જાહેરાત ક્રમાંક ૦૬/૨૦૨૪)**

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૧૫/૧૧/૨૦૧૯ ના જાહેરનામા ક્રમાંક: GH/SH/104/SMS/1011/258/G.1, અને તા.૧૨/૦૯/૨૦૨૪ ના જાહેરનામા ક્રમાંક: GH/SH/50/SMS/1011/258/P.F.1/G.1, તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અન્વયે રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓમાં અંદાજે **કુલ- ૧૨૦૦ શિક્ષણ સહાયકોની** નીચે દર્શાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની જાહેરાત તારીખ: ૧૦/૧૦/૨૦૨૪ ના રોજ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ જે અંતર્ગત નિયત શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવારની પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે. નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો તારીખ ૨૪/૧૦/૨૦૨૪ થી તા.૧૫/૧૧/૨૦૨૪ ના રોજ રાત્રે ૨૩:૫૯ કલાક સુધી https://gserc.in/ વેબસાઈટ પર આપેલ જાહેરાત સંબંધિત અગત્યની સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. (દ્વિસ્તરીય શિક્ષક અભિરૂચિ કસોટી TAT(SECONDARY)પરીક્ષા-૨૦૨૩માં ૬૦% (૧૨૦ ગુણ) કે તેથી વધુ ગુણ મેળવેલ ઉમેદવારો જ અરજી કરી શકશે.)

❖ **સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી માટેના અગત્યના ઠરાવો:**

1. શિક્ષણ વિભાગના તારીખ:૧૫/૧૧/૨૦૧૯ ના જાહેરનામાં ક્રમાંક: GH/SH/104/SMS/1011/258/G.1
2. શિક્ષણ વિભાગના તારીખ:૧૨/૦૯/૨૦૨૪ ના જાહેરનામાં ક્રમાંક: GH/SH/50/SMS/1011/258/P.F.1/G.1
3. સા.વ.વિ.ના તારીખ: ૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:સી.આર.આર.-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨
4. શિક્ષણ વિભાગનો તારીખ: ૨૬/ ૧૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક :પરચ/૨૦૧૮/આર-૨૩/ખ-૧
5. શિક્ષણ વિભાગના તારીખ: ૨૨/૩/૧૭ના ઠરાવક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલ ફાઈલ-૬/ક
6. શિક્ષણ વિભાગના તારીખ: ૨૯/૦૪/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2022/5921/G

## 1. શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત :-

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના તા.૧૫/૧૧/૨૦૧૯ના જાહેરનામાં ક્રમાંક: GH/SH/104/SMS/1011/258/G.1, અને તા.૧૨/૦૯/૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક GH/SH/50/ SMS/1011/258/P.F.1/G.1 મુજબ નિયત લાયકાત ધરાવતા હોવા જોઇશે.

➢ અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની ઉંમર ૩૭ વર્ષથી વધુ હોવી જોઇશે નહિ.
➢ તા. ૧૨/૯/૨૪ના જાહેરનામા સાથેના Appendix – I માં આપેલ વિષય સામે દર્શાવેલ સ્નાતકની શૈક્ષણિક લાયકાત તેમજ વ્યવસાયિક લઘુત્તમ લાયકાત ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇશે અને કોલમ -૯ માં દર્શાવેલ વિષય માં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ દ્વિસ્તરીય TAT ( Secondary) ૬૦%(૧૨૦ ગુણ) સાથે પાસ કરેલ હોવી જોઇશે. (Appendix – I બીડાણ માં સામેલ છે)
➢ ઉમેદવારે જે વિષય/માધ્યમમાં દ્વિસ્તરીય TAT(Secondary)-૨૦૨૩ પાસ કરેલ હશે તે વિષય/માધ્યમની જગ્યા માટે ઉમેદવારી નોંધાવી શકશે.
➢ ઉમેદવાર ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી( સામાન્ય) નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે કમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.
➢ ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇશે.

## 2. વયમર્યાદામાં છૂટછાટ

➢ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ , સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ(EWS)ના ઉમેદવારોને વય મર્યાદામાં પાંચ વર્ષ સુધીની છૂટછાટ મળશે.
➢ તમામ કેટેગરીના મહિલા ઉમેદવારોને (ઉપરોક્ત અનામત કેટેગરીમાં મળતી છૂટછાટ ઉપરાંત) વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધીની મર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર છે.

- દિવ્યાંગ ઉમેદવારોને મહત્તમ વયમર્યાદામાં ઉપર મુજબની છૂટછાટ મળવા ઉપરાંત દસ વર્ષની છૂટછાટ મળવાપાત્ર છે. (૪૦ % કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય તેવા મેડીકલ બોર્ડના તબીબી પ્રમાણપત્રને આધિન )
- માજી સૈનિકો માટે ઉપલી વયમર્યાદામાં તેઓએ લશ્કરી સેવાઓ તરીકે બજાવેલ ફરજનો કુલ સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષની છૂટ મળવાપાત્ર રહેશે.
- માજીસૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈશે નહિ.

**3. જાહેરાત સંબંધિત અન્ય મહત્વની બાબતો:**

- દ્વીસ્તરીય TAT( Secondary) પરીક્ષા-૨૦૨૩માં મેળવેલ ગુણને આધારે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.
- દ્વીસ્તરીય TAT(Secondary) પરીક્ષા-૨૦૨૩માં સમાન ગુણના કિસ્સામાં ઉમેદવારનો મેરીટ ક્રમ નક્કી કરવા માટે જે ઉમેદવાર વયસ્ક હશે તેને અગ્રતા આપવામાં આવશે. દ્વીસ્તરીય TAT(Secondary) પરીક્ષામાં સમાન ગુણ સાથે સમાન જન્મતારીખના કિસ્સામાં ક્રમશ: અરજદારના નામ,અટક અને માતાના નામના પ્રથમ અક્ષરને (આલ્ફાબેટિક ક્રમ ) આધારે અગ્રીમતા નક્કી કરવામાં આવશે.
- ઉમેદવારોએ કરેલ અરજી(પ્રમાણપત્રો સહિત) જે જિલ્લામાં વેરિફિકેશન કરાવી જમા કરાવવા ઈચ્છતા હોય તે જિલ્લાનો વિકલ્પ ઓનલાઈન ફોર્મમાં ફરજિયાત પસંદ કરવાનો રહેશે.
- જે ઉમેદવારોનો PML-1 (પ્રોવિઝનલ મેરિટ લીસ્ટ -૧) માં સમાવેશ થશે તેઓને તે અંગેની જાણ SMS/વેબસાઈટ દ્વારા કરવામાં આવશે. ત્યારબાદ ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરીફીકેશનનો લેટર ઓનલાઈન મેળવી, પસંદગી સમિતિ દ્વારા નિશ્ચિત કરવામાં આવેલ સમયગાળામાં જિલ્લા કક્ષાએ નિયત થયેલ સ્થળે ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફરજિયાત કરાવવાનું રહેશે.
- ડોક્યુમેન્ટ વેરીફીકેશન ન કરાવનાર ઉમેદવારોની ઉમેદવારી આપોઆપ રદ થશે. અને PML (પ્રોવિઝનલ મેરિટ લીસ્ટ -૧) માંથી તેવા ઉમેદવારનું નામ કમી કરવામાં આવશે અને આગળની ભરતી પ્રક્રિયામાં તેઓનો સમાવેશ કરવામાં આવશે નહિ. આ અંગે ઉમેદવાર કોઇપણ પ્રકારનો હક્ક દાવો કરી શકશે નહીં અને આ અંગે કોઇ લેખિત/ મૌખિક રજૂઆત કે પત્રવ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહી.
- જિલ્લાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટરની યાદી વેબસાઈટ પર મૂકવામાં આવશે.
- હાલ સરકારી અથવા બિન સરકારી અનુદાનિત પ્રાથમિક/ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક/ વિદ્યાસહાયક તરીકે સેવા બજાવતા હોય તેવા ઉમેદવારો આ જાહેરાત અન્વયે અરજી કરવા માંગતા હોય તો શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલ ફાઈલ-૬/૬, તા.૨૨/૩/૧૭ની જોગવાઈ મુજબ નિમણુક સત્તાધિકારીનું સદર જાહેરાત બાદનું અત્રેથી સૂચવેલ નિયત નમૂનામાં જ NOC મેળવ્યા બાદ અરજી કરવાની રહેશે. સુચવ્યા મુજબની NOC રજૂ ન કરનાર ઉમેદવાર સદર ભરતી પ્રક્રિયામાં ઉમેદવારી નોંધાવવાને હક્કદાર રહેશે નહી: (NOC નો નમુનો વેબસાઇટ પર ઉપલબ્ધ છે.)
- સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (એટલે કે વય મર્યાદા, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી કરવા ઈચ્છે તો પોતાની અનામત કેટેગરીનો લાભ જતો કરી બિન અનામત જગ્યા માટે વિકલ્પ પસંદ કરી શકશે.
- ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં વિગતો ભરતા સમયે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક કન્ફર્મ થયેથી જાતિ (કેટેગરી)માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.
- સરકારી/અનુદાનિત શાળામાં પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ઉમેદવારોએ સદર ભરતી પ્રક્રિયા અન્વયે ભરતી સમિતિ દ્વારા મેરીટ કમ પ્રેફરન્સના ધોરણે ફળવાયેલ કોઇપણ શાળામાં હાજર થવાનું રહેશે. જો ઉમેદવાર પસંદગી આપેલ જગ્યામાં હાજર નહી થાય તો બાળકોના શૈક્ષણિક કાર્યમાં સુધારણાના હેતુથી સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રક્રિયાની સુચારૂ કાર્યવાહીમાં અવરોધ ઉભો કરવા તેમજ બેરોજગાર ઉમેદવારોને રોજગારીની તકથી વંચિત રાખી સરકારશ્રીના શિક્ષિત નાગરીકોને રોજગારી પૂરી પાડવાના લક્ષમાં અવરોધ ઉભો કરવા બદલ તેમના વર્તમાન માસિક પગાર માંથી રૂ.૫૦૦૦/- ૪૦ માસ માટે એમ કુલ રૂ.૨,૦૦,૦૦૦/-સરકારશ્રીના સંબંધિત સદરે તેમના નોકરી સ્થળના જિલ્લાના સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ સંબંધિત અધિકારી દ્વારા તેઓના પગારમાંથી કપાત કરી સરકારશ્રીમાં જમા કરાવવાના રહેશે.

**4. પગાર ધોરણ:-**

- સરકારી માધ્યમિક વિભાગના શિક્ષણ સહાયકને પ્રથમ પાંચ વર્ષ સુધી ફીક્સ રૂા.૪૦,૮૦૦/- માસિક વેતન મળવાપાત્ર થશે. હાલની જોગવાઇ મુજબ પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયા બાદ પે-મેટ્રિક્સ મુજબ લેવલ-૬ (રૂ.૩૫૪૦૦-૧૧૨૪૦૦) અથવા સરકારશ્રીની તે વખતે અમલમાં હોય તે જોગવાઇઓ અનુસાર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

**5. ભરવાપાત્ર જગ્યાઓ:-**

- જે તે જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓમાં જિલ્લાવાર, વિષયવાર અને કેટેગરીવાર ભરવાપાત્ર જગ્યાઓની વિગતો વેબસાઈટ પર દર્શાવવામાં આવેલ છે.
- પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ જગ્યાઓ ફેરફારને આધિન છે. વર્ગઘટાડા અથવા અન્ય આકસ્મિક કારણોસર જગ્યા રદ થાય તેવી ખાલી જગ્યાઓ ઉપર ઉમેદવારનો કોઇ હક દાવો રહેશે નહિ. પસંદગી સમયે ઉપલબ્ધ ખરેખર ખાલી જગ્યા પર જ પસંદગી પામેલ ઉમેદવારને મેળવેલ મેરીટક્રમ અનુસાર પસંદગીની તક પ્રાપ્ત થશે. જેની નોંધ લેવી.
- સદર જાહેરાત સમગ્રતયા કે જાહેરાતમાં દર્શાવેલ પૈકી કોઈપણ ખાલી જગ્યાઓ રદ કરવા બાબતે ભરતી સમિતિનો નિર્ણય આખરી રહેશે.
- સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૧/૧૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક-સીઆરઆર/૧૦૯૬/૨૨/૧૩/ ગ.૨ (ભાગ-૧) ની જોગવાઈઓ ધ્યાને લઇને, મહિલાઓ માટે અનામત જગાઓ રાખવામાં આવેલ છે. અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ)ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.
- દિવ્યાંગ ઉમેદવારોની જગ્યાઓ જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. દિવ્યાંગ ઉમેદવારોની જગ્યા માટે લાયક ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

**6. અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની અગત્યની સૂચનાઓ:-**

- ઉમેદવારોએ અરજી કરતાં પહેલાં વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલી તમામ સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા બાદ જ અરજી કરવાની રહેશે.
- લાયકાત ધરાવતા ઉમેદવારો માધ્યમિક વિભાગ માટે ઓનલાઈન અરજી તારીખ:૨૪/૧૦/૨૦૨૪ થી તારીખ:૧૫/૧૧/૨૦૨૪ના ૧૧:૫૯ કલાક સુધી ઓનલાઇન અરજી કરી શકશે. અરજી કર્યા બાદ ઉમેદવાર ફી ભરે ત્યાં સુધી અરજીની વિગતો edit કરી શકશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારની અરજી કન્ફર્મ (submit) થયેલ ગણાશે અને ત્યારબાદ ઉમેદવારની અરજીની વિગતો ફ્રિઝ થશે અને તેમાં સુધારો કરી શકશે નહિ.
- **અરજી કન્ફર્મ (submit) થયા બાદ પણ ઉમેદવારને અરજીમાં ક્ષતિ ધ્યાને આવે અને વિગતો edit કરવાની જરૂરીયાત જણાય તો ઉમેદવાર Home Page પર Withdraw Application ટેબ દ્વારા પોતાની અરજી Withdraw કરી શકશે. અરજી Withdraw કરતા સમયે ઉમેદવારના મોબાઈલ પર OTP આવશે. જે એન્ટર કરતાં અરજી Withdraw થઈ જશે. ત્યારબાદ ઉમેદવારે Home Screen પર New Application ટેબ દ્વારા નવેસરથી અરજી કરવાની રહેશે અને પુન: ફી ભરી અરજી કન્ફર્મ (submit) કરવાની રહેશે.**
- **ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવારે ભૂલ કરેલ હશે તો તેવી અરજી ધ્યાને લેવામાં આવશે નહિ અને અરજી રદ થવાને પાત્ર રહેશે જેથી ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે તેની શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત તથા અન્ય તમામ વિગતો સંપૂર્ણ ગંભીરતા સાથે ચોકસાઇપૂર્વક ભરવી અને કાળજીપૂર્વક અરજી કરવી. અરજી પત્રકમાં ભૂલ થયેલ હોય તો ઉમેદવારે કરેલ અરજી Withdraw કરી નવેસરથી અરજી કરવાની રહેશે અને પુન: ફી ભરવાની રહેશે.**
- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ-૨૦૨૩ માં લેવાયેલ દ્વિસ્તરીય TAT(Secondary) પરીક્ષા-૨૦૨૩ના બેઠક નંબર તથા અન્ય જરૂરી વિગતો ઉપરથી આ પરીક્ષામાં મેળવેલ ગુણ પોર્ટલ પર પ્રદર્શિત થશે અને ઉમેદવાર તે વિષય અને માધ્યમ માટે જ અરજી કરી શકાશે. ( ઉમેદવાર ૬૦% (૧૨૦ ગુણ) કે તેથી વધુ ગુણ ધરાવતા હોવા જોઇએ)
- ઉમેદવાર આ જગ્યાઓ માટેની લઘુતમ લાયકાત ધરાવતા હશે તો દ્વિસ્તરીય TAT(Secondary) પરીક્ષામાં મેળવેલ ગુણ ના આધારે જ મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે. આથી જો ઓનલાઇન અરજી વખતે આ પરીક્ષાના ગુણ અથવા અન્ય માહિતી

બાબતે વિસંગતતા જણાય તો જરૂરી આધાર પુરાવા સહિત તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો સંપર્ક કરવાનો રહેશે. અરજી કરવાનો સમયગાળો પૂર્ણ થયા બાદ પાછળથી કોઇ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ. જેની નોંધ લેવી.

- તા. ૧૨/૯/૨૪ ના જાહેરનામા સાથેના Appendix –I માં આપેલ વિષય સામે દર્શાવેલ સ્નાતકની લાયકાતો તેમજ વ્યવસાયિક લાયકાત ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી અથવા તે તરીકે માન્ય થયેલી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇશે.
- GTU/B.E./B.Tech./અન્ય માન્ય યુનિવર્સિટીની માર્કશીટમાં CGPA/SGPA/CPI/GRADE દર્શાવેલ હોય તો Online ફોર્મમાં,
    1. ઉમેદવારના ગુણપત્રકમાં મેળવેલ ગુણ કુલ ગુણ દર્શાવેલ હોય તે અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે.
    2. ટકા દર્શાવ્યા હોય તો તેને ગુણમાં રૂપાંતરીત કરી દર્શાવવાના રહેશે દા.ત. ૫૮.૫ ટકા હોય તો કુલ ગુણ ૧૦૦૦ અને મેળવેલ ગુણ ૫૮૫ એ રીતે દર્શાવવાના રહેશે.
    3. જો આ બંનેમાંથી કાંઇ દર્શાવેલ ન હોય તો સંબંધિત યુનિવર્સિટી અથવા કોલેજ પાસેથી કુલ ગુણ મેળવેલ ગુણનું પ્રમાણપત્ર મેળવી તે મુજબ અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે.
- માત્ર અને માત્ર વેબસાઇટ પર ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. ટપાલ, કુરીયર, ઇ-મેઇલ કે અન્ય માધ્યમથી અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.
- ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહી.જેથી આ ભરતી પ્રક્રિયા અંગેના SMS સરળતાથી મળી શકે તેમજ જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.
- **અરજી ફી** : બિન અનામત ઉમેદવાર માટે અરજી ફી રૂ. ૨૦૦/-(અંકે રૂપિયા બસો પૂરા) અને અનામત વર્ગ (SC/ST/SEBC/EWS/PH/Ex-serviceman) ના ઉમેદવારો માટે અરજી ફી રૂ.૧૫૦/-(અંકે રૂપિયા એકસો પચાસ પૂરા) ઉમેદવારે ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહી.
- ઉમેદવારે અરજી ફી ફરજિયાત પોર્ટલ પરના ઓનલાઇન માધ્યમથી જ ભરવાની રહેશે. ભરવાપાત્ર નિયત અરજી ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ, નેટ બેંકીંગના માધ્યમથી ભરી શકશે.
- ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની ફાઇનલ પ્રિન્ટ આ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી અને ઉમેદવારે પોતાની પાસે રાખવાની રહેશે અને અરજી વેરિફિકેશન સમયે જરૂરી આધારો સાથે રજૂ કરવાની રહેશે.
- ઉમેદવારની અરજી વેરિફિકેશન બાદ ભરતીની જોગવાઈઓ પરિપૂર્ણ થતી હશે અને મેરિટ યાદીમાં સ્થાન મેળવેલ હશે તેવા ઉમેદવારો જ નિમણૂક મેળવવાને લાયક બનશે. જેથી માત્ર અરજી કરવાથી નિમણૂક અંગેનો કોઈ હક્ક પ્રસ્થાપિત થતો નથી.
- સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકની ભરતી સંબંધે તમામ સૂચનાઓ/ વિગતો વખતો વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઇટ પર મૂકેલ કોઇપણ સૂચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઇપણ તબક્કે સામેલ ન થઈ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઇ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહી.
- અરજીપત્રકમાં દર્શાવેલ અનામત કેટેગરી અંગે ના લાભ અંગે સક્ષમ સત્તાધિકારીના પ્રમાણપત્ર ચકાસણીના દરેક તબક્કે રજૂ કરવાના રહેશે. જે તે અનામત કેટેગરી સંબંધે સરકારશ્રીના ધારા-ધોરણો મુજબ નિયત નમૂનામાં તથા ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખે પ્રમાણપત્રોની અવધિ પૂર્ણ ન થયેલ હોય તેવા પ્રમાણપત્રો ગ્રાહ્ય રાખવામાં આવશે ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમયે નિયત નમૂનામાં તથા નિયત અવધિ જળવાતી ન હોય તેવા પ્રમાણપત્રો રજૂ કરનાર ઉમેદવારોને જે તે અનામત કેટેગરીનો લાભ મળવા પાત્ર રહેશે નહી. જે તે અનામત કેટેગરીના પ્રમાણપત્રો અન્વયે નીચેની વિગતો ધ્યાને લેવાની રહેશે.
- અનામત વર્ગના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન- અનામતના ધોરણો લાગુ પડશે.
- જાહેરાતમાં જે તે કેટેગરીમાં દર્શાવેલ કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી. આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી ઉમેદવારના મેરીટ્ક્રમ ધ્યાને લઇ કરવામાં આવે છે. તેથી આવી જગ્યાઓ માટે પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી થઇ શકશે.
- તે કેટેગરીમાં મહિલા અનામતની જગ્યા પર ઉમેદવાર ઉપલબ્ધ ના થાય તેવા કિસ્સામાં આવી ખાલી રહેતી જગ્યા તે જે કેટેગરીના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

**A. જાતિ અંગેનું પ્રમાણપત્ર:**

- મૂળ ગુજરાતનાં અનુ. જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.
- અનુ. જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે.
- ઉમેદવારે અરજીપત્રકના કેટેગરીના કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામા આવશે નહીં.અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈશે તથા જણાવવામાં આવે ત્યારે અચૂક સામેલ કરવાનું રહેશે. જાતિ પ્રમાણપત્ર રજૂ કરવામાં ઉમેદવાર નિષ્ફળ જશે તો ઉમેદવારી "રદ" ગણવામાં આવશે.

**B. નોન ક્રિમિલેયર સર્ટીફિકેટ:**

- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ (નોન ક્રિમિલેયર સર્ટીફિકેટ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૧/૧૧/૯૫, તા.૦૬/૦૨/૯૬, તથા ૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-૪ મુજબના નમૂનામાં રજૂ કરવાનું રહેશે.
- SEBC કેટેગરી (શા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારોએ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટની મહત્તમ અવધિ ઇશ્યૂ થયા- વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યૂ થયેલ હોવું જોઈએ તથા અરજી કરવાની અંતિમ તારીખ સુધી માન્ય હોવું જોઈશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે.
- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા- પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી **"રદ"** કરવામાં આવશે.
- ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે નોન-કીમીલેયર સર્ટિફીકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર અરજીપત્ર વેરિફિકેશન વખતે રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર અરજી વેરિફિકેશન દરમિયાન રજૂ કરેલ નહિ હોય તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ.

**C. આર્થિક રીતે નબળા વર્ગો(EWS) :**

- E.W.S. કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારોએ રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.13/09/2019 ના ઠરાવ ક્રમાંક: ઇ. ડબલ્યુ.એસ /122019/ 45903/અ થી નિયત થયેલ નમૂના-ગ માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:- ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (Issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. માન્ય પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ જનરલ- સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.
- આ પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન અરજદારના કુટુંબની આવકમાં રાજ્ય સરકારે નિર્ધારિત કરેલ આવકમર્યાદા કરતા વધારો થાય તો અરજદારે તે અંગે પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારી સમક્ષ તેની સ્વૈચ્છિક કબુલાત કરવાની રહેશે તથા આવા પ્રમાણપત્રનો અરજદારે ઉપયોગ કરવાનો રહેશે નહીં. જો અરજદાર અથવા તેના વાલી ઇરાદાપૂર્વક વિગતો છુપાવશે તો તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવાપાત્ર ઠરશે અને તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે.

## D. શારીરિક અશકતતા અંગેનું પ્રમાણપત્ર:

- દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ- ૨ થી નિયત થયેલ નમૂનામાં અથવા રાજ્ય સરકાર કે ભારત સરકારે આ હેતુ માટે માન્ય કર્યા મુજબ સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. વેરીફિકેશન વખતે જે પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.
- સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ તા. ૧૭/૦૯/૨૦૨૧ મુજબ દિવ્યાંગ ઉમેદવારોને કુલ જગ્યાના ૪% અનામત સુનિશ્ચિત કરવામાં આવેલ દિવ્યાંગતા (Benchmark disabilities) ધરાવતા ઉમેદવારો માટે અનામત રહેશે. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : BMS/11/2019/631243/G તા. ૧૯/૦૫/૨૦૨૩ માં નીચે દર્શાવ્યા મુજબ દિવ્યાંગ ઉમેદવારો માટે ખંડ A, B અને C હેઠળ દર્શાવેલ દિવ્યાંગતાના દરેક ખંડ માટે એક ટકા તેમજ ખંડ D અને E હેઠળ દર્શાવેલ દિવ્યાંગતા માટે ૧ % જગ્યાઓ અનામત રહેશે.
  - ખંડ (A) : B,LV
  - ખંડ (B) : HH
  - ખંડ (C) : OA , OL, BL, OAL, CP, LC, DW, AAV, SD, SI
  - ખંડ (D) : SLD, MI
  - ખંડ (E) : MD ( involving A to D)
- D, BA, BLOA, BLA, Mdy, ASD, ID પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવાર આ જગ્યા માટે અરજી કરી શકશે નહિ.
- CATEGORY ABBREVIATIONS USED:
  B=Blind, LV=Low Vision, D=Deaf, HH=Hard of Hearing, OA= One Arm, OL= One Leg, BA= Both Arm, BL-Both Leg, OAL-One Arm and One Leg, BLOA= Both leg & One Arm, BLA-Both Legs Arm, CP-Cerebral Palsy, LC-Leprosy Cured, DW=Dwarfism, AAV= Acid attack Victims, Mdy= Muscular Dystrophy, ASD=Autism Spectrum Disorder (M=Mild, MoD=Moderate), ID=Intellectual Disability, SLD=Specific Learning Disability, M1=Mental Illness, MD=Multiple Disabilities, SD=Spinal Deformity, SI=Spinal Injury.
- દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામત નો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે ઉપર દર્શાવેલ ખંડ (A) થી (E) પૈકી કઇ દિવ્યાંગતા છે તે દર્શાવવાનું રહેશેઃ
- દિવ્યાંગ માટેની અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/અનુ.જાતિ/ અનુ.જનજાતિ/ સા.શૈ.પ.વર્ગ/આ.પ.વર્ગ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે.

## E. માજી સૈનિક અંગેનું પ્રમાણપત્ર:

- સામાન્ય વહીવટ વિભાગના તા. 22/01/2018 ના જાહેરનામા ક્રમાંક: GS/2018-(2)-RES-1085-3433-G2 ની માજી સૈનિકની વ્યાખ્યામાં આવતા ઉમેદવાર માટે 10% જગ્યાઓ અનામત રહેશે. તથા વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ નૌકાદળ / હવાઈદળ/ભૂમિદળ માં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

## F. વિધવા હોવા અંગેનું પ્રમાણપત્ર :

- ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૨/૦૯/૨૦૨૪ ના જાહેરનામાં ક્રમાંક: GH/SH/50/SMS/1011/258/P.F.1/G.1 મુજબ ફાઇનલ મેરીટ યાદી તૈયાર કરતી વખતે મહિલા વિધવા ઉમેદવાર માટે તેણીએ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વરા લેવાયેલ દ્વિ-સ્તરીય TAT( Secondary) પરીક્ષા-૨૦૨૩માં મેળવેલ ગુણના પાંચ ટકા (૫%)ગુણ ઉમેરીને ધ્યાનમા લેવામાં આવશે.
- મહિલા વિધવા ઉમેદવારે અરજી ફોર્મમા વિધવા ઉમેદવાર તરીકે તથા પુન:લગ્ન કરેલ નથી તે બાબતનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
- નિમણૂંક મેળવતી વખતે આવા ઉમેદવારે પુન:લગ્ન કરેલ હોવા જોઇશે નહિ.
- વિધવા મહિલા ઉમેદવારે અરજી ચકાસણી વખતે વિધવા હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર , જરૂરી આધારો તેમજ પુન:લગ્ન કરેલ નથી તે બાબતનું રૂ.૧૦૦/- ના સ્ટેમ્પપેપર પર સોગંદનામું રજૂ કરવાનુ રહેશે.

## G. કોમ્પ્યુટરની જાણકારી:

- ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નિયત કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ- ૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે.
- ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ તમામ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં ગણવામાં આવશે અને તેના પૂરાવાઓ ભરતી પસંદગી સમિતિ /ખાતા/સંબંધિત શાળા દ્વારા મંગાવવામા આવે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે. રજૂ ન કરી શકનાર ઉમેદવારોની નિમણૂક જે તે તબક્કે રદ કરવામાં આવશે.
- કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજૂ કરશે કે દસ્તાવેજો સાથે ચેડા કરીને રજૂ કરશે તો તેની સામે નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.
- પસંદગી સમિતિને સંતુષ્ટિ નહિ થાય કે ઉમેદવાર જાહેરાત સંબંધિ તમામ લાયકાતો ધરાવે છે તથા તમામ જરૂરીયાતો પરિપૂર્ણ કરેલ છે તે સિવાય પસંદ પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારની અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહિ. ઉમેદવારની લાયકાત બાબતે પસંદગી સમિતિ નો નિર્ણય આખરી ગણાશે.
- પસંદગી યાદીમાં સમાવેશ થવાથી ઉમેદવારને આ જગ્યા પર નિમણૂકનો કોઇ અધિકાર પ્રાપ્ત થતો નથી. પસંદગી સમિતિને યોગ્ય જણાય તેવી જરૂરી પૂછપરછ બાદ જ્યાં સુધી ઉમેદવાર તમામ પાસાઓમાં યોગ્ય છે તેવો સંતોષ ના થાય ત્યાં સુધી ઉમેદવારને આ જગ્યા પર નિમણૂક આપવામાં આવશે નહિ.
- જો કોઇ ઉમેદવાર,
  1. જેના જીવનસાથી હયાત હોય તેવી અન્ય વ્યક્તિ સાથે લગ્ન અથવા લગ્ન કરાર કરેલ હોય
  2. જેના જીવનસાથી હયાત હોય અને તેણે અન્ય વયક્તિ સાથે લગ્ન અથવા લગ્ન કરાર કરેલ હોય

  તેવા ઉમેદવાર આ જગ્યા માટે નિમણૂક મેળવી શકશે નહિ.

  પરંતુ તે વ્યક્તિ અથવા સામેની વ્યક્તિને લાગુ પડતા હોય તેવા કોઇ અંગત કાયદાની જોગવાઇને આધીન હોય અને તેમ કરવા માટે ખાસ કારણો છે તેવી ખાતરી થતા સરકારશ્રી આ નિયમના અમલમાંથી માફી આપી શકશે.

  ઉમેદવાર પુરૂષ હશે તો તેણે એક કરતા વધારે પત્ની હયાત હોવા અને જો સ્ત્રી હશે તો તેણીએ, જેની અન્ય પત્ની હયાત હોય એવા પુરૂષ સાથે લગ્ન કરેલ હોવા બાબતે ઉમેદવારે અરજીપત્રકમાં જાહેર કરવું જોઇશે.
- ઉમેદવારને જે ઉમેદવાર નીચેની બાબતે દોષિત હોય અથવા પસંદગી સમિતિ દ્વારા દોષિત જાહેર કરવામાં આવ્યો હોય તો તે સમયગાળા માટે શિક્ષકની નિમણૂક માટે ગેરલાયક ઠરાવવામાં આવશે જે પાંચ વર્ષ સુધી લંબાવી શકાય.
  (a) કોઈપણ રીતે તેની ઉમેદવારી માટે સમર્થન મેળવવું
  (b) બનાવટી વ્યક્તિત્વ ઉભું કરવું,
  (c) અન્ય કોઈ વ્યક્તિ દ્વારા બનાવટ કરવી કે કરાવવી.
  (d) ચેડા કરેલા દસ્તાવેજો અથવા બનાવટી દસ્તાવેજો જમા કરાવવા
  (e) ખોટા અથવા સાચા ન હોય તેવા નિવેદન કરવા અથવા કોઇ માહિતી છુપાવવી
  (f) કોઈપણ વિસંગત અથવા અયોગ્ય માધ્યમોનો આશરો લેવો
  (g) પસંદગી પ્રક્રિયા દરમિયાન અન્ય કોઈપણ રીતે ગેરવર્તન કરવું;
  (h) પસંદગી સમિતિ દ્વારા નિયુક્ત કર્મચારીઓને હેરાન કરવું અથવા શારીરિક નુકસાન કરવું;
  (i) ગુનો કરવાનો પ્રયાસ કરવો અથવા, કોઇ કિસ્સામાં ઉપરોક્ત કલમોમાં ઉલ્લેખિત તમામ અથવા કોઈપણ કૃત્યોને પ્રોત્સાહન આપવું
- જે ઉમેદવાર ઓનલાઈન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠરાવવામાં આવશે. સરકારીઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભૂલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઈ પણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઈપણ પ્રકારની અરજી/રજૂઆત સ્વીકારવામાં આવશે નહીં. અને આવા ઉમેદવારને ભવિષ્યમાં પાંચ વર્ષ માટે ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

- અરજદારે પોતાનું ઈ-મેઈલ આઈ.ડી. અને મોબાઈલ નંબર ફરજીયાત આપવાના રહેશે. અને ભરતી અંગેની પ્રક્રિયાની વખતો-વખતની જાણ અરજદારને એસ.એમ.એસ.થી કરવામાં આવશે. અને આ બાબતે અરજદારે એસ.એમ.એસ.ની ચકાસણી કરવાની રહેશે.
- અરજદારે જે ફોર્મ ભરેલ છે તેની પ્રિન્ટ લઈ, તેના દરેક પાના પર સહી કરવાની રહેશે. અને જ્યારે જરૂર પડે ત્યારે રજૂ કરવાની રહેશે.
- તાલીમી સ્નાતકની લાયકાત મેળવેલ કોલેજનું NCTE/RCI/UGC માન્યતા પ્રમાણપત્રની વિગતો અરજીફોર્મમાં દર્શાવવી તથા અરજી ચકાસણી વખતે અચૂક રજૂ કરવાનું રહેશે.
- ગુજરાત રાજ્યમાંથી મેળવેલ S.N.D.T. યુનિવર્સીટીની લાયકાત શિક્ષણ વિભાગના તા.૨૬/૧૧/૨૦૧૯ના ઠરાવની દર્શાવેલ જોગવાઇઓને ધ્યાને લઈ માન્ય ગણવામાં આવશે. જે મુજબ " શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૧૨ના ઠરાવ બાદ ગુજરાત રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ હોય તેવી તમામ સંસ્થાઓ જે તેના કાર્યક્ષેત્ર હેઠળની ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં જોડાણ મેળવી લીધેલ હોય તેવી સંસ્થાઓના રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ સાથેના જોડાણ મેળવવાના સમયગાળા પહેલાની S.N.D.T. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઇ સંલગ્ન ડિગ્રીને માન્ય ગણવાનું આથી ઠરાવવામાં આવે છે."
- યુ.જી.સી માન્ય યુનિવાર્સીટી દ્વારા મેળવેલ ડીગ્રી જ ગ્રાહ્ય રાખવામાં આવશે. તેમજ દૂરવર્તી શિક્ષણના માધ્યમથી ડીગ્રી મેળવેલ હોય તેવા કિસ્સામાં નીચે મુજબની State Open universities સિવાયની રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી open and distance learning દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય રહેશે નહી. ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની લાયકાત માન્ય રાખવાની રહેશે.
    1. DR. B.R. AMBEDKAR OPEN UNIVERSITY (BRAOU), HYDERABAD, A.P.
    2. VARDHMAN MAHAVEER OPEN UNIVERSITY (VMOU), KOTA, RAJASTHAN
    3. NALANDA OPEN UNIVERSITY (NOU), PATNA, BIHAR
    4. YASHWANTRAO CHAVAN MAHARAHSTRA OPEN UNIVERSITY(YCMOU), NASHIK, MAHARASHTRA
    5. MADHYA PRADESH BHOJ OPEN UNIVERSITY (MPBOU), BHOPAL, M.P.
    6. DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY (BAOU), AHMEDABAD, GUJARAT
    7. KARNATAKA STATE OPEN UNIVERSITY (KSOU), MYSORE, KARNATAKA
    8. NETAJI SUBHAS OPEN UNIVERSITY (NSOU), KOLKATA, W.B.
    9. U.P. RAJARSHI TANDON OPEN UNIVERSITY (UPRTOU), ALLAHABAD, U.P.
    10. TAMIL NADU OPEN UNIVERSITY (TNOU), CHENNAI, TAMIL NADU
    11. PT.SUNDERLAL SHARMA OPEN UNIVERSITY (PSSOU), BILASPUR, CHHATTISGARH
    12. UTTARANCHAL OPEN UNIVERSITY, HALDWANI, (NAINITAL), UTTARANCHAL
    13. K. K. Handique State University, Guwahati, Assam
    14. ODISHA STATE OPEN UNIVERSITY, SAMBALPUR, ODISHA.
- રાજ્ય બહારની યુનિવર્સિટી માંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે મુજબના આધારો અવશ્ય રજૂ કરવાના રહેશે.
    1. અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઈગ્રેશન સર્ટી)ની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
    2. અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
    3. અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સીટીનું બોનાફાઇડ પ્રમાણપત્ર.
    4. અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.
    5. પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકીટ.
    6. અભ્યાસ કરેલ કોલેજ યુનિવર્સીટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ.
    7. માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમિત અભ્યાસક્રમથી મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટારનું પ્રમાણપત્ર
    8. ઉપરોક્ત પૂરાવા સિવાયનો અન્ય કોઈ પૂરાવો હોય તો તે
- જે ઉમેદવાર રાજય બહારની યુનિવર્સિટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેવા કિસ્સામાં અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ નિમણૂંક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

➢ અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની ટેકનીકલ સૂચનાઓ વેબસાઇટ પર મૂકેલ છે..તે મુજબ ઓનલાઇન અરજી કરી અરજીપત્રકની પ્રિન્ટ મેળવી તેની પર સહી કરી તેમાં દર્શાવેલા વેરીફિકેશન કેન્દ્ર ખાતે જરૂરી અસલ આધારો સાથે અત્રેથી સૂચના મળ્યેથી ફરજિયાત ચકાસણી કરાવવી તથા તેની એક સ્વપ્રમાણિત નકલો જમા કરાવવાની રહેશે.

❖ **ડોક્યુમેન્ટ વેરિફિકેશન (DV) સમયે રજૂ કરવાના ગુણપત્રકો/પ્રમાણપત્રો/અન્ય આધાર પુરાવાની વિગત**

➢ રજિસ્ટર્ડ બિન સરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૪ અન્વયે DV લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોનુ ડોક્યુમેન્ટ વેરિફીકેશનની તારીખ અને ડોક્યુમેન્ટ વેરિફીકેશનનો કોલલેટર ડાઉનલોડ કરવાની તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. પરંતુ પૂર્વ તૈયારીના ભાગરૂપે સંબંધિત ઉમેદવારોએ નીચે મુજબના ગુણપત્રકો /પ્રમાણપત્રો/અન્ય આધાર પુરાવા અસલમાં અને તેની એક સ્વપ્રમાણિત નકલ એકત્રિત કરી રાખવાના રહેશે જેથી ઉમેદવારે ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે જરૂરી ગુણપત્રકો/પ્રમાણપત્રો/અન્ય આધાર પુરાવા યોગ્ય રીતે રજૂ કરી શકે અને ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રીયા સુચારૂ રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ થઇ શકે.

1. જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર /ધોરણ-૧૦નું ક્રેડિટ સર્ટી .
2. ઉમેદવારનું આધારકાર્ડ.
3. ઉમેદવારની માતાનું આધારકાર્ડ(માતાના નામની ખરાઇ માટે).(આધારકાર્ડ ના હોય તેવા કિસ્સામાં માતાનું સાચુ નામ હોય તેવો માન્ય આધાર દા.ત.જન્મનો દાખલો/પાસપોર્ટ/શાળા છોડ્યાનું પ્રમાણપત્ર /રાશનકાર્ડ/માતાના નામની ઓળખ છતી થાય તેવો પુરાવો)દ્વિસ્તરીય TAT-૨૦૨૩ માર્કશીટ.
4. સ્નાતક માર્કશીટ,ટ્રાયલ સર્ટી, ડિગ્રી સર્ટિફિકેટ
5. અનુસ્નાતક માર્કશીટ,ટ્રાયલ સર્ટી, ડિગ્રી સર્ટિફિકેટ (લાગુ પડતું હોય તો)
6. વ્યવસાયિક સ્નાતક માર્કશીટ,ટ્રાયલ સર્ટી, ડિગ્રી સર્ટિફિકેટ, NCTE/RCI/UGC માન્યતા પ્રમાણપત્ર
7. કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમા માત્ર CGPA/CPI/GRADE દર્શાવેલ હોય તેમના માટે)જાતિ અંગેનું પ્રમાણપત્ર.
8. નોન-ક્રિમિલિયર સર્ટિફિકેટ.
9. EWS નું પ્રમાણપત્ર.
10. જે ઉમેદવારોનુ નોન-ક્રિમિલિયર સર્ટિફિકેટ અને EWS નું પ્રમાણપત્ર અગાઉના વર્ષનું હોય તો અરજદારે આવક મર્યાદા બદલાયેલ નથી તે અંગેનુ કબૂલાતનામું.
11. શારીરિક અશક્તતા અંગેનું પ્રમાણપત્ર.
12. વિધવા હોવા અંગેનો દાખલો અને પુન:લગ્ન કરેલ નથી તે મુજબનું સોગંદનામું રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર નોટરી સમક્ષ કરાવી રજૂ કરવાનું રહેશે.
13. માજી સૈનિક તરીકેનું ઓળખપત્ર અને ડિસ્ચાર્જ સર્ટીફિકેટ
14. સરકારી/ગ્રાંટેડ શાળામાં શિક્ષક તરીકે કાર્યરત ઉમેદવારોએ રજૂ કરવાના પ્રમાણપત્ર
    a) હાલ સરકારી/ગ્રાન્ટેડ શાળામાં ફરજ બજાવતા કર્મચારીઓએ સંબંધિત નિમણૂક સત્તા મંડળ પાસેથી જાહેરાતની તારીખથી અરજી કરવાની અંતિમ તારીખ દરમિયાન મેળવેલ અત્રેથી સૂચવ્યા મુજબના નિયત નમૂનાનુ ના વાંધા પ્રમાણપત્ર (NOC) રજૂ કરવાનું રહેશે.
    b) સરકારી/અનુદાનિત શાળામાં પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ઉમેદવારોએ નિયત નમૂનાનું સોગંદનામું રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર પર નોટરી સમક્ષ કરાવી રજૂ કરવાનું રહેશે.
15. શિક્ષણ વિભાગ સિવાય સરકારના અન્ય વિભાગ હેઠળ કે બોર્ડ/નિગમમાં ફરજ બજાવતા ઉમેદવારોએ ઉમેદવારોએ સક્ષમ સતાધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર તથા આ સાથે સામેલ નિયત નમૂનાનું સોગંદનામું રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર નોટરી સમક્ષ કરાવી રજૂ કરવાનું રહેશે.
16. કોઈ પણ સરકારી વિભાગમાં ફરજ બજાવતા ન હોય તે ઉમેદવારોએ/કરાર આધારિત નિમણૂક ધરાવતા ઉમેદવારોએ સાદા કાગળ પર નિયત નમૂનાનું સ્વ-ઘોષણાપત્ર રજૂ કરવાનું રહેશે.

**આ સમગ્ર ભરતી પ્રક્રિયા બાબતે ગુજરાત રાજ્ય માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિના તમામ હક અબાધિત રહેશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.**

**Sd/-**

**અધ્યક્ષ**

**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર**
**માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ અને**
**નિયામક, શાળાઓની કચેરી, ગુ.રા, ગાંધીનગર**